જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૮/૨/૨૦૧૫ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૨૯૪ લીટર દેશી દારૂ અને ૨ બિયર બોટલ કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૭૨/૧૫**

**ખોખરાઃ** બિરેન્દ્રસિહ મણીરામ વર્મા (રહે.ઈંદીરાનગર લાંભા વટવા) એ તા.૭/૨/૧૫ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૨/૧૫ બપોરના ૧૨/૫૦ વાગ્યાના સુમારે કે.કા.શાસ્ત્રી કોલેજ નજીકથી પોતાની પુત્રી પ્રાજલબહેન ઉર્ફે નેહા (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ બી ઠાકોર ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૭૩/૧૫**

**શાહપુરઃ** ભુપેન્દ્રભાઈ દીનેશચંદ્ર પંચાલ (રહે.ગોજારીયાની પોળ હલીમની ખડકી શાહપુર) એ તા.૭/૨/૧૫ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી ધરણીધર ફાઉન્ડેશનના ટ્રસ્ટી નાગજીભાઈ ધનાભાઈ ચૌધરી (રહે.ગોવર્ધનપાર્ક સોસાયટી કાન્ટ રોડ ડીસા બનાસકાઠા) ભુપેન્દ્રભાઈની રાજા સર્જીકલ ઓફીસ ખાતેથી તા.૭/૮/૧૪ નારોજ હોસ્પીટલને લગતો સર્જીકલ સામાન કિમત રૂપિયા ૧૭,૫૨,૩૭૦/- લઈ જઈ બાકી નિકળતા રૂપિયા ૯,૧૧,૩૬૭/- આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન પી રાઠોડ ચલાવે છે.

**વિઝા અપાવી નોકરી અપાવવાની લાલચ આપી છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૭૪/૧૫**

**નવરંગપુરાઃ** અજય કનુભાઈ ખંડેરીયા (રહે.દિવ્ય એપાર્ટમેન્ટ પ્રતાપકુંજ સોસાયટી વાસણા) એ તા.૭/૨/૧૫ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી હાર્દિક ફડીયા તથા અંકિત એચ ફડીયા (રહે.સહજાનંદ કોમ્પલેક્ષ સફલ વિઝા કન્સલ્ટન્ટ સ્વસ્તિક ચાર રસ્તા સી જી રોડ નવરંગપુરા) એ તા.૧/૯/૧૪ નારોજ અજય ખંડેરીયા પાસેથી વર્ક પરમીટ વિઝા અપાવવાનુ કહી રૂપિયા ૫૦,૦૦૦/- મેળવી આજદીન સુધી વિઝા નહી અપાવી કે નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન બી કે ગોસ્વામી ચલાવે છે.

**ઈસનપુરઃ** શૈલેષ કાંતીલાલ રોય (રહે.સેક્ટર-ર ગાંધીનગર) એ તા.૭/ર/૧૫ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) સેમ્યુઅલ પરેશ ક્રિચ્યન (ર) એડવીન પરેશ (૩) જલ્પા એડવીન (૪) જશોદાબહેન સેમ્યુઅલ (તમામ રહે. એવલોન કોર્ટયાર્ડ ઘોડાસર) અને (૫) સાગર મહેન્દ્રભાઈ ઠક્કર (રહે. પુષ્પક બંગલોઝ ઈસનપુર) એ ભેગા મળી ઘોડાસર એવલોન કોર્ટયાર્ડ ખાતે તા.૧૦/૮/૧૩ નારોજ શૈલેષ રોયને વિઝા અપાવવાનુ કહી રૂપિયા ૮૦,૦૦૦/- મેળવી આજદીન સુધી વિઝા નહી અપાવી કે નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે વી રાણા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.ર૭૫/૧૫</u>**

**રાણીપઃ** રવિન્દ્રકુમાર ગંગારામ કીરી (રહે.ગામ નાદોત્રા તાલુકો વડગામ જીલ્લો બનાસકાંઠા) એ તા.૭/ર/૧૫ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/ર/૧૫ સાંજના ૬/૪૫ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન સુભાષબ્રિજથી વિસત સર્કલ સુધી શટલ ઓટોરિક્ષામાં મુસાફરી દરમ્યાન રવિન્દ્રકુમારના થેલામાંથી નજર ચુકવી રિક્ષામાં બેઠેલ બે પુરૂષે રિક્ષા ચાલકની મદદગારીથી સોનાના દાગીના કિમત રૂપિયા ર,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ર૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ર,ર૦,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રહલાદભાઈ તેજુભા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** હિરેનભાઈ મફતલાલ પટેલ (રહે.નવકાર બંગલોઝ કુડાસણ ગાંધીનગર) એ તા.૬/ર/૧૫ સાંજના ૭/૦૦ વાગે નિરમા કોલેજ સામે શંભુ કોફીબાર નજીક પાર્કિંગમાં પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી તેમજ બીજી કારના દરવાજાના કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી ચાર લેપટોપ કિમત રૂપિયા ૫૪,૦૦૦/- તેમજ જરૂરી કાગળોની ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ હિરેનભાઈ પટેલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી શિવાભાઈ હુરાભાઈ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.ર૭૬/૧૫**

**વસ્ત્રાપુરઃ** દેવાંગીબહેન મયંકભાઈ શાહ (ઉ.વ.૫૧) (રહે. જીવનજયોત સોસાયટી મનીશ હોલ પાસે નારણપુરા) તા.૭/ર/૧૫ બપોરના ૪/ર૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર મીલન પાર્ક બંગ્લાના ગેટ પાછળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર ઉપર આવેલ બે પુરૂષ દેવાંગી બહેનના ગળામાંથી મોતીથી મઢેલો સોનાનો દોરો કિમત રૂપિયા ૧,ર૫/૦૦૦/-.ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દેવાંગીબહેન શાહે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ કે રાણા ચલાવે છે.

**નરોડાઃ** નેહાબહેન સંજયભાઈ ગોંડલીયા (રહે.પાર્શ્વનાથ ટાઉનશીપ નવા નરોડા) તા.૬/ર/૧૫ બપોરના 3/30 વાગ્યાના સુમારે નેહાબહેન નરોડા પાર્શ્વનાથ ટાઉનશીપ પંચેશ્વર મહાદેવ મંદિર નજીકથી સ્કુટી ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નેહાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૯,ર33/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નેહાબહેન ગોંડલીયાએ તા.૭/ર/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૭૭/૧૫</u>

**ચાંદખેડાઃ** નિતીશભાઈ પ્રદિપકુમાર ભારદ્વાજ (રહે.સંગાથ સિલર ડી માર્ટ પાછળ ચાંદખેડા) એ તા.૬/૨/૧૫ સાંજના ૭/૦૦ વાગે રહેણાંકના પાર્કિંગમાં પોતાની મારૂતિ ઝેન કાર નંબર જીજે ૧૮ એ ૭૧૬ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ નિતીશભાઈ ભારદ્વાજે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભુપતસિહ દીપસિહ ચલાવે છે.

<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૭૮/૧૫</u>

**ઓઢવઃ** કનુભાઈ મોહનભાઈ સોલંકી (રહે.વાલ્મીકી સોસાયટી આગમન પાર્કની બાજુમાં સરણીયાવાસ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૨/૧૫ કલાક ૦૦/૩૫ વાગ્યાના સુમારે સરણીયાવાસ નજીકથી પોતાના ભાઈ અરવિંદભાઈ મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટાટા ટ્રક નંબર જીજે ૨૦ ટી ૭૧૩૧ ના ચાલકે ટ્રક બેદરકારી અને પુર ઝડપે ચલાવી અરવિંદભાઈના મોટર સાયકલને ટક્કર મારતા અરવિંદભાઈ ફંગોળાઈ જતા ટ્રકનુ વ્હિલ ફરી વળતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એ એન સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.